# સાહેબ મારા છો અતિપ્યારા...

સાહેબ મારા છો અતિપ્યારા,
મૂર્તિ સહુને અતિ સુખકારી...
સોખડા ધામે પ્રગટ થયા છો,
શંકર તાત કમળા બા તમારી... સાહેબ મારા...
દાદાખાચરનો.. જાણે દરબાર!
ઘર કુટુંબ ને વ્યવહાર સુચારી... સાહેબ મારા...
અક્ષત ભરીને, મુઠ્ઠીમાં બેય,
દેવને ધરતા નૈવેદ્ય વિચારી.... સાહેબ મારા...
બાળપણામાં પ્રતાપ દેખાડયો,
રોકી તુરત શેરીમાં મહિષી ભારી... સાહેબ મારા...
બાપા પધારે, જયારે જયારે સોખડા,
બાળ જશુને બોલાવે સંભારી.... સાહેબ મારા...
D N સ્કૂલમાં, શિક્ષણ આરંભ્યું,
વિઠ્ઠલ સાહેબ જ્યાં અતિ - શિષ્ટાચારી... સાહેબ મારા...
અષ્ટસખામાં, શોભો છો સારા,
વિદ્યાનગરમાં બ્રહ્મવિદ્યા તમે ધારી.... સાહેબ મારા...
બાપાની આજ્ઞાએ, મંદિર કીધું,
હોસ્ટેલમાં, ચૌદ નંબર રૂમ સારી... સાહેબ મારા...
કાકાજી- પ્રભુદાસ, નિયમિત આવે,
સત્સંગ ચલવે હૈયે, રાખી ખુમારી... સાહેબ મારા...
બાંધ્યું છાત્રાલય, અક્ષર પુરુષોત્તમ,

બાપાની આજ્ઞા મુજબ સુંદર ભારી... સાહેબ મારા...

છોડી પણ દીધું, બાપાએ જ્યાં કીધું,

આજ્ઞા, અભિપ્રાય, વચન અનુસારી.... સાહેબ મારા...

“ભાગવતી” દીક્ષા, બાપાએ ન દીધી,

“ભગવા હૃદયની” દીધી, અતિ હિતકારી... સાહેબ મારા...

"અનુપમ" અદ્‌ભૂત મોગરીમાં સ્થાપ્યો,

"મિશન" રૂપે આશ્રમ મંગલકારી... સાહેબ મારા...

દેખાડયો નૂતન, મારગ મુક્તોને,

હરિ ભજવાનો સુકલ્યાણકારી... સાહેબ મારા...

અભાવ ને અવગુણ, માથાકૂટ ઈર્ષ્યા,

ગમે ન આપને નિંદા નઠારી... સાહેબ મારા....

સંપ,સૃહદભાવ, એકતા પ્રસારો,

"બાપાને રાજી કરવા", એક નેમ ધારી... સાહેબ મારા...

ઉપાસનાની દ્રઢતા કરાવો,

આશ્રિત જનને અતિ ઉપકારી... સાહેબ મારા...

ભાર નથી કોઈ, નથી કોઈ મોટાઈ,

બાપાના કાર્યમાં કેવળ ભાગીદારી... સાહેબ મારા...

લીલાઓ સઘળી, આપની ન્યારી,

મનુજરૂપે છો, **પરબ્રહ્મને** ધારી... સાહેબ મારા....

બ્રહ્મરૂપ કરજો, સેવક જાણી,

વિનવું તમને **બ્રહ્મજ્યોતિવિહારી**.... સાહેબ મારા...

*******